# ઘોઘંબાના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા. મું.ઘોઘંબા

**ફોજદારી કેસ નં:- ૧૦૪૮/૨૦૨૫**

**ફરીયાદી: – શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી : – બાબુભાઈ ટીનાભાઈ નાયક**
**રહે. ગજાપુરા કાંદુ, તા. ઘોઘંબા, જી. પંચમહાલ**

**:: હુકમ::**

(૧)આરોપી સામેના બી.એન.એસ. કલમ-૨૮૧ તથા એમ.વી.એકટની કલમ- ૧૭૭ ના ગુન્હા અંગેઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સંબંધી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં પણ આરોપીએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો કબુલ કરવા તે બંધાયેલા નથી તેમ છતા તેમની કબુલાતને વળગી રહેલ છે. જેથીઆરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાતરી થતાં તે મંજુરકરવામાં આવેલ છે અને આરોપી તેમની સામેના આક્ષેપિત મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માટે તકસીરવાનઠરાવવામાં આવે છે.
(૨)આ કામે આરોપી સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલાત કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સિવાય કોર્ટ પાસે કોઈ વિકલ્પ નથી. આ કામે આરોપીએ કાયદાની આંટીઘુંટીનો લાભ મેળવવાનો પ્રયત્ન કર્યા વગર સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલ કરેલ છે તે સંજોગોમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરલાલ હરખચંદજી ઠાકોર-૨૦૦૫ જી.એલ.આર. પાના નં.૭૦૯ થી નોંધાયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, જો આરોપીનો પ્રથમ ગુન્હો હોય અને હળવી સજા કરવામાટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો, કોર્ટ કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજાફરમાવી શકે છે._બી.એન.એસ. કલમ-૨૮૧ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંતકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ. ૬૦૦ /-(અંકે રૂપીયા છ સો પુરા) નો દંડ ભોગવવાની સજા કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન:-૦૧ (એક)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:-ઘોઘંબા
તારીખ : ૧૪/૦૩/૨૦૨૬

(હરેશ શામળાભાઈ લાંગા)
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
ઘોઘંબા
કોડ નં.જી.જે.૦૧૦૦૦